# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23/07/2025** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

---

1. **માર્ગની મરામત અને ચોમાસાની વર્તમાન સ્થિતિ અંગે રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં આજે ચર્ચા થશે.**
2. **રાજકોટ, સુરેન્દ્રનગર તેમજ કચ્છ સહિતના જિલ્લાઓમાં બિસમાર માર્ગની મરામતનુ કાર્ય પૂરજોશમાં.**
3. **ધમકી ભર્યા ઇમેઇલ બાદ અમદાવાદ એરપોર્ટ પર તપાસમાં શંકાસ્પદ કંઇ વસ્તુ ન મળતાં હાશકારો.**
4. **ડિપ્લોમા ઇજનેરીમાં પ્રવેશ માટે 26 જુલાઇ સુધી નોંધણી કરી શકાશે.**
5. **ગુજરાત રાજ્ય બાસ્કેટ બોલમાં ભાવનગરની બંને ટીમો ચેમ્પિયન બની.**

------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# CABINET MEETING

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે સવારે નવ વાગે રાજ્ય મંત્રી મંડળની બેઠક યોજાશે. ગાંધીનગરના સ્વર્ણિમ સંકુલ ખાતે યોજાનારા બેઠકમાં ગંભીર બ્રિજ દૂર્ઘટના બાદ બ્રિજના સર્વેની સમીક્ષા થશે.

બિસમાર માર્ગો સંદર્ભે મુખ્યમંત્રીએ આપેલી સૂચના બાદ હાથ ધરાયેલા કામો પરનો અહેવાલ પણ આ બેઠકમાં રજૂ કરાશે. ચોમાસાની વર્તમાન સ્થિતિને ધ્યાનમાં લઇને રાજ્યમાં વરસાદ તથા જળાશયોમાં થયેલા જળસંગ્રહની ચર્ચા પણ આ બેઠકમાં હાથ ધરાશે. રાજ્યમાં થયેલા ખરીફ વાવેતર તથા ખાતરની જરૂરીયાત સંદર્ભે પણ ચર્ચા કરવામાં આવશે. આ ઉપરાંત રાજ્યભરમાં આગામી આયોજનો અને નીતિગત વિષયોની પણ આ બેઠકમાં વિચારણા કરવામાં આવશે.

---

# CM SWAGAT ONLINE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં દર મહિનાના ચોથા ગુરુવારે યોજવામાં આવતો રાજ્ય સ્વાગત ઓનલાઇન જન ફરિયાદ નિવારણ કાર્યક્રમ ગુરૂવાર તારીખ 24 જુલાઈના રોજ યોજાશે.

વર્ષ 2003થી શરૂ થયેલા સ્વાગત ઓનલાઇન જન ફરિયાદ નિવારણ કાર્યક્રમ અન્વયે દર મહિનાના ચોથા ગુરુવારે રાજ્ય સ્વાગત યોજવામાં આવે છે.

નાગરિકો આ સ્વાગત કાર્યક્રમ માટેની રજૂઆતો ગુરૂવાર , તારીખ 24મી જુલાઈના રોજ સવારે 8થી 11 દરમિયાન મુખ્યમંત્રીના જનસંપર્ક એકમ , સ્વર્ણિમ સંકુલ-2, ગાંધીનગર ખાતે રૂબરૂ આવીને કરી શકશે.

---

# BRIDGE - INSPECTION - REPAIRING

રાજયભરમાં હાલ પૂલની માળખાકીય પરિસ્થિતી અંગે નિરીક્ષણ હાથ ધરાઇ રહ્યું છે. ત્યારે સુરેન્દ્રનગર જિલ્લામાં અલગ-અલગ સ્થળોએ આવેલા 12 જેટલા પુલો પર વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ અંગેનું જાહેરનામું અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા બહાર પાડવામાં આવ્યું છે.

સમગ્ર રાજ્યમાં રોડ રિપેરિંગની કામગીરી કરવામાં આવી રહી છે. કચ્છમાં રોડ રસ્તાના રિપેરિંગ સાથે કેટલાંક ભયજનક બ્રિજ બંધ કરવામાં આવ્યા છે.

કચ્છના અબડાસા તાલુકામાં તેરા પાસે આવેલા લાખણીયા મેજર બ્રિજના નિર્માણની કામગીરી પ્રગતિમાં છે. હાલમાં બ્રિજનું મોટાભાગનું કામ પૂર્ણ થઈ ગયું છે. વરસાદી ઋતુમાં ખાસ કરીને કોઈપણ ગામ સંપર્કવિહોણું બને નહીં તે ઉદ્દેશથી કચ્છ જિલ્લામાં વિવિધ સ્થળોએ પુલના કામને મંજૂરી આપવામાં આવી છે.

રાજકોટ જિલ્લામાં નાના મોટા 741 પુલ પૈકી 619 પુલ સારી સ્થિતિમાં, જયારે 96 પુલ મોટરેબલ એટલે કે વાહન વ્યવહાર માટેની યોગ્ય સ્થિતિમાં કાર્યરત છે. જ્યારે 20 પુલ ખરાબ સ્થિતિમાં અને 6 પુલ અતિ બિસમાર પરિસ્થિતિમાં હોઈ અકસ્માતનું જોખમ ટાળવા માટે તેઓને તાત્કાલિક અસરથી બંધ કરી દેવામાં આવ્યા છે.

---

# BK COLLECTOR MEETING

શક્તિ, ભક્તિ અને આસ્થાનાં કેન્દ્ર એવા અંબાજી ખાતે આગામી તારીખ 1થી 7 સપ્ટેમ્બર 2025 દરમિયાન ભાદરવી પૂનમ મહામેળો 2025નું આયોજન કરાશે.

**આ મેળાના આયોજન અંગે અંબાજી ખાતે જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં સેવા કેમ્પ આયોજકો સાથે બેઠક યોજાઈ હતી.**

**બેઠકમાં જિલ્લા કલેકટર મિહિર પટેલે જણાવ્યું હતું કે , સ્વચ્છતા એ જ સેવા સૂત્રને ચરિતાર્થ કરીને સ્વચ્છતા પર ખાસ ભાર મૂકવામાં આવશે. ચાલુ વર્ષે કચરાના નિકાલ માટે ટ્રેક્ટરની સંખ્યામાં વધારો કરાશે. ફૂડ વેસ્ટના નિકાલ માટે વિશેષ વ્યવસ્થા ઊભી કરાશે.**

**બાઇટ- મિહિર પટેલ, કલેકટર બનાસકાંઠા**

---

# POST SPECIAL COUNTER

આગામી રક્ષાબંધનના તહેવારને અનુલક્ષીને અમદાવાદ જનરલ ટપાલ કચેરી દ્વારા વિશેષ કાઉન્ટર શરૂ કરાયા છે , જેનાથી રાખડી મોકલવામાં સરળતા રહેશે. આ અંગે ઉત્તર ગુજરાત ક્ષેત્રનાં પોસ્ટ માસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવે જણાવ્યુ હતું કે વરસાદને કારણે રાખડી ભીની ન થાય તે માટે વોટરપ્રૂફ પરબીડિયાં પણ તૈયાર કરાયા છે.

(બાઇટ: કૃષ્ણકુમાર યાદવ, પોસ્ટ માસ્ટર જનરલ)

---

# AIR PORT CISF INQUIRY

**અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય હવાઇમથકને ગઇકાલે એક ધમકીભર્યો ઈ-મેલ મળ્યો હતો . આ ધમકી બાદ ત્વરિત અસરથી**

તેની તપાસ કરવામાં આવતાં કંઇ શંકાસ્પદ મળી ન આવતાં એરપોર્ટના તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

આ ધમકીભર્યા ઇમેઇલ મળ્યાં બાદ એરપોર્ટની સલામતીમાં તૈનાત સેન્ટ્રલ ઇન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સ દ્વારા ઝીણવટપૂર્વકની તપાસ હાથ ધરાઇ હતી. એરપોર્ટ પોલીસ અને બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોર્ડ દ્વારા તેની તપાસ કરાઇ હતી . જોકે કોઇ વાંધાજનક વસ્તુ મળી ન હતી.

આ તપાસ દરમિયાન અને તપાસ બાદ હવાઇમથકની કામગીરી વિક્ષેપ વિના કાર્યરત રહી હતી . મુસાફરો અને કર્મચારીઓની સલામતી સર્વોચ્ચ પ્રાથમિકતા હોવાનું એરપોર્ટના પ્રવક્તા દ્વારા જણાવાયું હતું.

---

# DIPLOMA MERIT

ધોરણ 10 અને 12ની પૂરક પરીક્ષના પરિણામ બાદ હવે ધોરણ 10 પછીના ડિપ્લોમા ઇજનેરીમાં પ્રવેશ માટેનો બીજો રાઉન્ડ જાહેર કરાયો છે. આ બીજા રાઉન્ડમાં વિદ્યાર્થીઓ 26મી જુલાઇ સુધી નોંધણી કરી શકાશે. પ્રવેશ સમિતિ દ્વારા બીજા રાઉન્ડનું મેરિટ 29મી જુલાઇએ જાહેર કરાશે.

અગાઉ જે ઉમેદવારોએ નોંધણી કરી છે તે વિદ્યાર્થીઓ 29 અને 30 જુલાઇ સુધીમાં બીજા રાઉન્ડના ઓનલાઇન સંમતિ આપીને ચોઇસ ફિલિંગ કરી શકશે.

---

# WEATHER

રાજ્યમાં આગામી 6 દિવસ દરમિયાન હળવાથી ભારે વરસાદની સંભાવના હવામાન વિભાગે દર્શાવી છે. આગામી 24 કલાકમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ભારે વરસાદ વરસી શકે છે. આ ઉપરાંત , આગામી પાંચ દિવસ સુધી ગાજવીજ સાથે 30 થી 40 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની પણ આગાહી કરવામાં આવી છે.

આજથી લઇને 26 જુલાઈ દરમિયાન દરિયો ન ખેડવાની સૂચના માછીમારોને આપવામાં આવી છે. હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ. એ. કે. દાસે જણાવ્યું હતું કે, રાજસ્થાન પર મોન્સૂન ટ્રફ સક્રિય થવાને કારણે રાજ્યમાં વરસાદી માહોલ સર્જાયો છે.

## બાઇટ- એ. કે દાસ , હવામાન વિભાગના વડા

અત્યાર સુધીમાં રાજ્યમાં સામાન્ય કરતાં 46% વધુ વરસાદ નોંધાઈ ચૂક્યો છે. જે સામાન્ય કરતા વધુ છે.

---

# TAPI KHETI

ખેતી પર નિર્ભર એવા તાપી જિલ્લામાં શરૂઆતમાં પડેલ સારા વરસાદ બાદ છેલ્લા એક સપ્તાહથી વરસાદે વિરામ લીધો છે , આ વચ્ચે જગતના તાત એવા ધરતીપુત્રોએ વાવણીની પ્રક્રિયા લગભગ પૂર્ણ કરી દીધી છે.

ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે ખેડૂતોએ વાવણી મોડી કરી છે , પરંતુ આગામી દિવસોમાં વરસાદે વિરામ લેતા દર વર્ષની માફક વાવણી સો ટકા થવાની આશા વિભાગના અધિકારીઓ પણ સેવી રહ્યા છે.

# બાઈટ ચેતન ગરાસિયા (ખેતીવાડી અધિકારી, તાપી)

---

# BASKET BALL JR. CHAMPIONSHIP

ગુજરાત રાજ્ય બાસ્કેટબોલ એસોસિએશન દ્વારા ગુજરાત સ્ટેટ જૂનિયર બાસ્કેટબોલ ચેમ્પિયનશીપ 2025-26માં ભાવનગરની બોયઝ અને ગર્લ્સ બંને ટીમો વિજેતા બની છે. ભુજમાં પશ્ચિમ કચ્છ પોલીસ અને કચ્છ જિલ્લા બાસ્કેટબોલ એસોસિએશનના સહયોગથી ગુજરાત રાજ્ય બાસ્કેટબોલ એસોસિએશન દ્વારા આ સ્પર્ધાનું આયોજન કરાયું હતું. સમગ્ર રાજ્યમાંથી 16 બોયઝ અને ૧૦ ગર્લ્સની ટીમ સહિત કુલ 26 ટીમો આ સ્પર્ધામાં સામેલ થઈ હતી.

ભુજ શહેરના સેડાતા રોડ ઉપર આવેલા સૂર્યા વરસાણીના ગ્રાઉન્ડ ખાતે ગુજરાત સ્ટેટ જૂનિયર બાસ્કેટબોલ ચેમ્પિયનશિપના પ્રારંભ સમયે કચ્છ જિલ્લા બાસ્કેટબોલ ઓસોસિએશનનાં હોદ્દેદારો સહીત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---